## જન્મદિને વધામણી



ડૉ. મીતા શાહ
મો. ૮૮૬૬૧ ૩૦૨૮૦



પવન ઈનામદાર



દિવ્યાંશી રિન્કેશ પરમાર
મો. ૯૬૮૭૯ ૫૭૪૫૬



મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧

# છત્તીસગઢના યુવાઓ દ્વારા ગાંધીનગરમાં હોળીની ઉજવણી







ભારત સરકારના ખેલ મંત્રાલયના એકમ નહેરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૧થી ૧૫ માર્ચ દરમિયાન 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ અંતર્ગત છત્તીસગઢનાં યુવાઓ યુથ હૉસ્ટેલ, ગાંધીનગરના મહેમાન બન્યાં છે. હોળીના દિવસે આ યુવાનોએ સૅક્ટર-૧૬ ખાતે હોળીનાં દર્શન કર્યા બાદ સૅન્ટ્રલ વિસ્ટા ખાતે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત કાર્યક્રમ 'મૂન નાઈટ લાઈટ'માં મન મૂકીને નૃત્ય કરીને ઉપસ્થિત પ્રેક્ષકોની ભરપૂર પ્રશંસા મેળવી હતી. આ પ્રસંગે કલેક્ટર સતીષ પટેલ, મુખ્ય સચિવ અને ડેપ્યુટી કમિનશરે આ યુવાઓ સાથે તિલક હોલી રમી તેમનું સ્વાગત કર્યું હતું. બીજા દિવસે ધૂળેટીના તહેવર નિમિત્તે આ યુવાઓએ સૅક્ટર-૬ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ અને ઍસટીના કર્મચારીઓ સાથે પણ તિલક હોળી ઉજવી હતી. ગુજરાતના લોકોની પરોણાગત અને સ્નેહથી આ યુવાઓ પ્રભાવિત થયાં હતાં. ઉલ્લેખનીય છે કે નગરની સંસ્થા જી ઈ ક્લબ અને બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીના કલાકારો પણ આ યુવાઓ સાથે હોળીની ઉજવણીમાં જોડાયા હતા.

# એસ. વી. - એસ. જી. સ્કૂલ દ્વારા ફૂલોથી હોળીની ઉજવણી કરાઈ



એસ. વી., એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં હોળીનો તહેવાર મનાવવામાં આવ્યો હતો. પાણી અને કલર વિના માત્ર ફૂલોથી બાળકોએ તહેવાર મનાવ્યો હતો. દરેક વર્ગના શિક્ષકે વિદ્યાર્થીઓને માત્ર તિલક કરી ત્યારબાદ ફૂલોથી હોળી રમ્યા હતા. આચાર્ય મિલી સિંઘે પણ બાળકોનો ઉત્સાહ વધારવા તમામ વિદ્યાર્થીઓને રૂબરૂ મળીને આ તહેવાર ઉજવ્યો હતો. આ ઉત્સવમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ

ગાંધીનગર, તા. ૩

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના ઈંગ્લિશ મીડિયમના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ શહેરની ખ્યાત રેસ્ટોરન્ટ ૫૬ ભોગ ખાતે યોજાયો હતો.

સમારંભના આરંભે આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી અને ટ્રસ્ટી હિનાબેન ગગલાણીના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.



શાળાના વિદ્યાર્થી વિસ્મીત પટેલ, દૃષ્ટિ મોટવાણી, મેઘા દ્વારા શાળા જીવનનાં સંસ્મરણો રજૂ કરવામાં આવ્યાં હતાં. શિક્ષક જ્યોતિબેન ભાવસાર, દિપક સિંગ દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ડિરેક્ટર શૈલેષભાઈપંડ્યા અને આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી દ્વારા આગામી પરીક્ષા માટે ઉપયોગી ટીપ્સ આપી જીવનયાત્રાને સફળ બનાવવા પ્રેરક પ્રવચન કરવામાં આવ્યું હતું. ડીજેના તાલે ઝૂમતા વિદ્યાર્થીઓએ દોઢ કલાક ભરપૂર આનંદ માણી વિદાય સમારંભને રંગારંગ બનાવ્યો હતો. ૫૬ ભોગની સ્વાદિષ્ટ વાનગીઓ સાથેનો ભોજન સમારંભ સૌ માટે યાદગાર પ્રસંગ બની રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન તુષાર કુમારે કર્યું હતું.

# સ્ટાર્ટ અપ ઈન્ડીયા અને સ્કીલ ઈન્ડિયા જેવી યોજનાઓમાં વિદ્યાર્થીઓ જોડાય : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૩

નોબલ પારિતોષિક વિજેતા શ્રી સી.વી. રામનની ઉત્કૃષ્ટ શોધ બદલ દર વર્ષે ઉજવવામાં આવતા વિજ્ઞાન દિવસનાં કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં મંત્રીશ્રી જણાવ્યું કે, નગરની વિવિધ શાળાઓમાંથી ઉપસ્થિત વિદ્યાર્થીઓ માત્ર વિદ્યાર્થીઓ નથી પરંતુ બાળ વૈજ્ઞાનીકો છે.

વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ ગણિત અને વિજ્ઞાનના પાયા પર તૈયાર કરવામાં આવેલા મોડેલને જોઈ જણાવ્યું કે, સ્વામિ વિવેકાનંદ જેવા યુવા સન્યાસી અને પ્રકાંડ વિદ્વાને ભારત દેશને વિશ્વ ગુરૂ બનાવવાનું સ્વપ્ર જોયું હતું તે સાર્થક થતું હોય એમ લાગી રહ્યુ છે.

આ પ્રસંગે તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી સ્ટાર્ટ અપ ઈન્ડીયા, મેઈક ઈન ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા જેવી યોજનાઓમાં દેશના વિદ્યાર્થીઓ વધુમાં વધુ જોડાઈ તેનો લાભ લે તેમ જણાવ્યું હતું.

સંશોધન વિજ્ઞાનની જન્મદાત્રી છે તેમ જણાવતા મંત્રીશ્રીએ ભારત અને ઈઝરાયેલના પ્રધાનમંત્રી દ્વારા ખુલ્લી મુકાયેલી આઈ- ક્રીએટ સંસ્થાની પણ ભાવી વૈજ્ઞાનિકો સમક્ષ વાત કરી હતી અને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિને શિક્ષકો અથવા સારા માર્ગ દર્શકની સહાયતાથી બહાર લાવી કોઈ નવો વિચાર સાર્થક કરવાની હાકલ કરી હતી. આ પ્રસંગે નગરની વિવિધ શાળામાંથી સુંદર મોડલ તૈયાર કરનાર પ્રથમ ત્રણ વિદ્યાર્થી અને શિક્ષકોના ગૃપનું સન્માન પણ મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતુ. ઉપરાંત વર્કિંગ મોડલ ડોક્યુમેન્ટેશન ડી.વી.ડી., સોવેનિયર, અને શાળા દ્વારા નિર્મિત અંકોનું પણ મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્કૂલ બોર્ડના ચેરમેન પંકજસિંહ ચૌહાણ, સ્કૂલ બોર્ડના વાઈસ ચેર પર્સન ભગવતીબેન પટેલ, મ્યુનિસિપલ કોર્પેરેશનના નેતા બિપીન સિક્કા, દંડક લાલસિંહ ઠાકોર, નગર પ્રાથમિક સમિતીના શાસનાધિકારી એલ. ડી. દેસાઈ તેમજ શહેરની કોર્પેરેશનની શાળાના શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સ્કૂલ ઑફ અચિવર, કુડાસણમાં ઉજવાયો વાર્ષિકોત્સવ



ગાંધીનગર, તા. ૩

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણમાં પ્રતિવર્ષ 'કલર્સ ઑફ અચિવર' નામકરણ સાથે વાર્ષિકોત્સવ ઉજવાય છે. આ વર્ષે પણ ૨૭ ફેબ્રુઆરી અને ૨૮ ફેબુઆરીના રોજ અનુક્રમે ગુજરાતી મીડિયમ અને ઈંગ્લીશ મીડિયમના વાર્ષિકોત્સવ ઉજવાયા હતા.

સાતમા વાર્ષિકોત્સવ પ્રસંગે ભવ્યાતિભવ્ય મંચ પર નૃત્ય, સંગીત અને અભિનયના સુભગ સમન્વય યુક્ત પર્ફોર્મન્સ કરી વિદ્યાર્થીઓએ તેમનામાં રહેલ શક્તિઓનો પરિચય કરાવ્યો હતો. વિવિધ ગીતોનાં મિશ્રિત સંકલન પર મૌલિક ડાન્સ, થીમ બેઝ્ડ ડાન્સ, લોકનૃત્ય (ગરબો), દેશભક્તિ તથા અધ્યાત્મસભર નૃત્ય પર્ફોર્મન્સ સરાહનીય રહ્યાં હતાં. પ્રત્યેક કાર્યક્રમ સંબંધી સ્લાઈડ શોની કાર્યક્રમને સમાંતર જ LED પર પ્રસ્તુતિ આ વાર્ષિકોત્સવમાં પ્રેક્ષકગણની પ્રશંસાનો હિસ્સો બની હતી. આ વર્ષે પણ વાર્ષિકોત્સવમાં વિશેષતારૂપે વાલીઓ જ મુખ્ય મહેમાન અને અતિથિવિશેષપદે હતાં. ગુજરાતી મીડિયમના ઉત્સવમાં મુખ્ય મહેમાનનું સ્થાન શ્રી સતિષભાઈ પટેલે તથા ઈંગ્લીશ મીડિયમના ઉત્સવમાં ચીફ ગેસ્ટનું સ્થાન સુશ્રી અર્ચનાબેન સથવારાએ શોભાવ્યું હતું.

ધોરણ-૧ થી ૧૦ માં શૈક્ષણિક પ્રવૃત્તિ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિપ્રાપ્ત વિદ્યાર્થીઓને ચીફ ગેસ્ટ તથા ગેસ્ટઓફ ઓનરના કરકમળ દ્વારા ટ્રોફી આપી નવાજવામાં આવ્યા હતા. વિજેતા બેસ્ટ ક્લાસ અને બેસ્ટ હાઉસનું પણ શિલ્ડ તથા ટ્રોફી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# શ્રીમતિ અંજના બારોટ ના ઈ-રિસોર્સ ઓન યુનિવર્સિટી લાઈબ્રેરી પેપરને બેસ્ટપેપર એવોર્ડ




ગાંધીનગર, તા. ૩

તા. ૨૪-૨૫ ફેબ્રુઆરી ના રોજ ઈન્ફોર્મેશન કોમ્યુનિકેશન ઈન ડિજિટલ એરા પ્રેજેન્ટ સિનારિયો એન્ડ ફ્યુચર પરસ્પેકટીવ્સ વિષય ઉપર હરિયાણા બલ્બગઢ ખાતે અગ્રવાલ કોલેજા્ના લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિભાગ દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્શ યોજાઈ. આ ઈન્ટરનેશનલ કોન્ફરન્શમાં સી.એમ પટેલ નર્સિંગ કોલેજના આસી. લાઈબ્રેરિઅન અંજના બારોટના ચાર પેપર પ્રકાશિત તથા પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં. આ ઈન્ટરનેશનલ કોન્ફરન્શમાં કુલ ૬૦ ઉપરાંતના પેપર પ્રસ્તુત કરવામાં આવ્યા હતાં. જેમાં અંજના બારોટના ઈ-રિસોર્સ ઓન યુનિવર્સિટી લાઈબ્રેરી ઉપરના પેપરને "બેસ્ટપેપર એવોર્ડ" એનાયત કરવામાં આવ્યા હતો.આ પેપરમાં તેમના ગાઈડ અને સહ લેખક ડો. કિરીટ શુકલનો અમૂલ્ય ફાળો રહ્યો હતો. આ બેસ્ટપેપર એવોર્ડ ભારતના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા તજજ્ઞ ડો. પી. બી. મંગલા,નેશનલ મેડિકલ લાઈબ્રેરી ન્યુ દિલ્હી ના ડાયરેકટર કે. પી. સિંગ, અગ્રવાલ કોલેજના પ્રિ. ડો.ક્રિશન કાન્ત, કોન્ફરન્શના કન્વીનર તથા અગ્રવાલ કોલેજના લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિભાગના હેડ ડો.રામ ચંદ્ર અને પ્રો. એસ.કે. ચક્રવર્તિના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. તેમની આ સિધ્ધિ બદલના નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ રાજેશ રાવલ તથા ફિજિયોથેરાપી કોલેજના પ્રિન્સિપાલ ડો. કે. વૈતિયનાધન અને કોલેજના સ્ટાફ સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાતી ચલચિત્રોનો ચિત્રહાર... પૂનમની રાત ઊગી પૂનમની રાત





## શિવરંજનીએ ગુજરાતી સિનેમાના વિવિધ મોંઘી જણસ જેવાં ગીતોનો પટારો ખોલ્યો : ભજન-ગીત-ગઝલ-ગરબા-શહેર જેવા વિવિધ રંગોના વૈવિધ્યસભર અને ગણગણવા ગમે એવાં ગીતો સાથે વિસરાઈ રહેલા ગુજરાતી ચલચિત્રોના સુવર્ણકાળનાં સંભારણાં યાદ કરાવી દીધાં

ગુજરાતી સિનેમા સામાન્ય રીતે ઢોલીવૂડ કે ગોલીવૂડ તરીકે ઓળખાય છે. ૯ એપ્રિલ, ૧૯૩૨ના રોજ પ્રથમ ગુજરાતી બોલપટ 'નરસિંહ મહેતા' રજૂ થયું ત્યારથી લઈ છેક છેલ્લે 'ગુજ્જુભાઈ મોસ્ટ વૉન્ટેડ' સુધી લગભગ એકાદ હજાર ગુજરાતી ફિલ્મો આવી છે. ગુજરાતી ફિલ્મો ૧૯૬૦થી ૧૯૮૦ સુધી પોતાનો સુવર્ણકાળ ભોગવી ચૂકી છે. જ્યારે હિન્દી ફિલ્મોની સાથોસાથ એમની ડિમાન્ડ એટલી જ હતી. અને ત્યારનાં ગીતો હજુ પણ એનો ચાર્મ યથાવત ધરાવે છે. 'શિવરંજની' દ્વારા ગુજરાતી ચલચિત્રોના ચિત્રહારનો એક સુંદર કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.

ગ્રામોફોન પરથી ધૂળ ખંખેરી રૅકર્ડ ચડાવીએ અને જે સંસ્મરણો સાથેનાં ગીતો રેલાવા શરૂ થાય એમ જ આ ગુજરાતી ગીતો શરૂ થયાં. હરિ હળવે હળવે હંકારે મારું ગાડું ભરેલ ભારે... ભીતરનો ભેરૂ મારો, આતમો ખોવાણો રે... ધૂણી રે ધખાવી બેલી, અમે તારા નામની... જગજીતસિંગનું ભજન લાગી રમ ભજનની ધૂન... કાર્યક્રમની પરિકલ્પના અને સંચાલન કરતા તુષાર જોષી એમ કહે કે 'ભજન એ કંઈ પરિસ્થિતિ નથી બદલતું પણ પરિસ્થિતિ સામે ટક્કર લેવા મનને તૈયાર કરી દે છે.' આમણે આ કાર્યક્રમ પાંચ વર્ષ અગાઉ પણ કર્યો હતો અને આ વખતે વન્સમોરની ડિમાન્ડ સાથે ફરી આવ્યો.

ગુજરાતી ગીતોના દોરમાં ચાલતો રહેજે... મુને અંધારા બોલાવે... એકલા જ આવ્યા મનવા... તમે થોડા થોડા થાવ વરણાગી.... નૈન નૈન મળે જ્યાં છાનાં... એક એકગીતો આવતાં જાય અને ગુજરાતી ફિલ્મની પટ્ટી નજર સામે ફરતી રહે.

'પટારો' ખોલનારા તુષાર જોષીએ અવનવી માહિતી સાથે ગુજરાતી ચલચિત્રોની કેટલીય વાતો પ્રસ્તુત કરી. નરસિંહ મહેતા, કરિયાવર, વિસામો, કાશીનો દીકરો, સતિ સાવિત્રી, અક્કલના બારદાન, કુંવરબાઈનું મામેરું, મંગળફેરા, સતી સુકન્યા, અભિનય સમ્રાટ, જેસલ તોરલ, હોથલ પદમણી, લાખો ફુલાણી, તાનારીરી, અખંડ સૌભાગ્યવતી, જીગર-અમી, ખેમરો લોડણ જેવી ફિલ્મોનાં ગીતો અને રસપ્રદ વાતોથી શ્રોતાઓને જકડી રાખ્યાં.

આ કાર્યક્રમમાં મહેંદી તે વાવી માંડવે ને એનો રંગ ગયો ગુજરાત




રે... પાંદડું લીલું ને રંગ રાતો... વીજલડી રે... મારા તે ચિત્તનો ચોર રે મારો સાંવરિયો... કોણ હલાવે લીંબડી ને કોણ હલાવે પીપળી... મારી વેણીમાં ચાર ચાર ફૂલ... અમે અમદાવાદી, પૂનમની રાત ઊગી પૂનમની રાત... આ ગીતોની સાથે પ્રફુલ્લ દવેનું 'મણિયારો તે હળુ હળુ થઈ રિયો ને... ગીત એની પ્રહર વોરાની પ્રસ્તુતી અને રિધમને કારણે છવાઈ ગયું. અમદાવાદના જન્મદિવસની યાદમાં અને નગર પરિચયનાં ગીતો 'હું અમદાવાદનો રિક્ષાવાળો... લોકો સૌ કહે છે કે મુંબઈમાં છે બહુ કમાણી...' જોરદાર રહ્યાં. તાનારીરી ફિલ્મનું મેઘમલ્હાર રાગ પર આધારિત ગીત 'ગરજ ગરજ બરસો જલધર...' લાંબી અસર છોડી ગયું. તારી આંખનો અફીણી...માં સરગમની બહાર અને શ્રોતાઓને ગવડાવી મોજ કરાવી દીધી. એક એકથી ચઢિયાતાં ગીતોની પ્રસ્તુતિમાં ગાયક નીરજ પાઠક, ડૉ. ફાલ્ગુની ડૉક્ટર, પ્રહર વૉરા અને સંપદા વૉરાએ સૂર-તાલ સાચવીને મસ્તીથી ગીતો ગાયાં તો સંગીત સંચાલક પંકજ પાઠક અને એમની ટીમે સુંદર ગીત પીરસ્યું. નાટ્ય સંગીત પર આધારિત ગીતો સુંદર રહ્યાં. તુષાર જોષીએ ગુજરાતી નવલકથાઓ પરથી બનેલી ફિલ્મોની પણ રસપ્રદ માહિતી આપી ને એ પૈકીની એક ફિલ્મનું ગીત 'હૂતૂતૂતૂ' પણ પ્રસ્તુત થયું. આવાં અનેક યાદગાર ગીતોએ મહેફિલ જમાવી રાખી. પ્રેક્ષકોની ડિમાન્ડ પણ ઘણી આવી, જે પૈકી ચારેક મુખડું સંભળાવીને પૂરી કરાઈ. ઘણાં યાદગાર ગીતો રહી ગયાં એવી લાગણી પણ થઈ. તેમ છતાં 'પટારા'માંથી ઘણો દુર્લભ ખજાનો નીકળ્યો. સુંદર પ્રસ્તુતિ માટે શિવરંજની અભિનંદન.